


**શ્રી ડૉ. જયંતભાઇ એ. શાહ**
નિવૃત્ત અધ્યાપક,
બી.એડ્. કોલેજ, ખરોડ.
તા. અંકલેશ્વર. જિ. ભરૂચ
તા. ૮/૧૧/૨૦૨૫

પ્રતિ,
નિયામકશ્રી,
નારાયણ વિદ્યાલય, ભરૂચ

આદરણીય નિયામકશ્રી,

પૂ. નારાયણ બાપુનાં આશીર્વાદથી સંતૃપ્ત પવિત્ર શૈક્ષણિક વાતાવરણ અને શાળાનાં ઉત્સાહી નિયામક શ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિનાં અથાગ પ્રયત્નો અને પ્રેરક માર્ગદર્શન હેઠળ તા. ૧૧ અને ૧૨ ઓકટોબર, ૨૦૨૫ નાં બે દિવસો માટે **''શિક્ષકોનાં ક્રિયાત્મક સંશોધન'' વિષય પર શાળાનાં ૧૮મા જ્ઞાનસત્ર**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. તે મારા માટે અવિસ્મરણીય છે.

આ ભવ્ય કાર્યક્રમમાં સંશોધન વિષય પર માર્ગદર્શન આપવા બદલ મને જે તક આપવામાં આવી હતી તે માટે હું શાળા પરિવારનો હ્યદયપૂર્વક આભાર વ્યકત કરું છું. શાળાનાં દરેક વિભાગોમાંથી કુલ-૮૫ જેટલાં શિક્ષકોએ આ જ્ઞાનસત્રમાં ભાગ લીધો હતો. આ શિક્ષકોએ સતત ત્રણ મહિના જેટલા સમયથી ચિંતન, મનન અને પરિશ્રમ કરી, પોતાના અનુભવોને આધારે શિક્ષણ ક્ષેત્રની વિવિધ સમસ્યાઓ પસંદ કરી, તેના ઉકેલો શોધવાનો સફળ પ્રયાસ કર્યો હતો. પાંચ જૂથોમાં કરવામાં આવેલું તેમનું પ્રેઝન્ટેશન ઉત્તમ કક્ષાનું હતું. નિર્ણાયક તરીકે વાઇવા દરમિયાન ક્રમ આપવામાં મુશ્કેલી પડે એવું ઉત્કૃષ્ટ કાર્ય દરેક શિક્ષકોએ કર્યુ હતું. પાંચ દિવસો દરમિયાન દરેક શિક્ષકોને વ્યકિતગત માર્ગદર્શન આપવાનો મારો અનુભવ ખૂબ જ સારો અને આનંદદાયક રહ્યો. શિક્ષકોએ ઉત્સાહ, જિજ્ઞાસા અને વધારે સારું કાર્ય કરવાની તમન્ના સાથે ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં મને માર્ગદર્શન પૂરું પાડવા અને વાઇવા લેવા માટેની તક આપવા બદલ હું હ્યદયપૂર્વક શાળાનાં નિયામકશ્રી, ટ્રસ્ટીશ્રી અને સમગ્ર શિક્ષકગણનો આભાર માનું છું. શિક્ષકોએ પોતાના પસંદ કરેલા વિષયોને ખૂબ જ સારી પેઠે ન્યાય આપ્યો હતો. તે બદલ હું તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું.

ભવિષ્યમાં પણ આ જ રીતે શાળા દ્વારા જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન થતું રહે તેમજ શાળા પરિવાર ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરે તેવી અંતઃકરણપૂર્વક શુભેચ્છા. અંતરથી અંતર્યામીને અરજ કે આપના અનેકવિધ અરમાનોને અનોખી આકૃતિ અર્પે.

આભાર સહ.

આપનો સ્નેહાધિન,
**જયંતભાઇ એ. શાહ**
(નિવૃત્ત અધ્યાપક, કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ)
તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

**ક્રિયાત્મ સંશોધન એટલે કાર્ય દ્વારા સંશોધન**
**ક્રિયાત્મક સંશોધનથી શિક્ષણ વધુ અસરકારક બને છે.**
**ક્રિયાત્મક સંશોધન શિક્ષણ સુધારાનું શકિતશાળી સાધન છે.**